ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૪.૦° સે. | ૧૭.૦° સે. |
| બારડોલી | ૩૬.૦° સે. | ૧૭.૦° સે. |
| ભરૂચ | ૩૫.૦° સે. | ૧૬.૦° સે. |
| વ્યારા | ૩૬.૦° સે. | ૧૭.૦° સે. |





ઉચ્છલના માણેકપુર ગામે કોલામાં માખીનો ઉપદ્રવ ફાટી નીકળતાં રોગચાળો ફેલાવાનો ભય, ચપ્પલો પહેરી કામ કરતા મજૂરો, શેરડીનાં રસમાં પગની ગંદકી ભળે છે

## તમે આવો ગોળ તો નથી ખાતા ને...

# ગળ્યા ગોળમાં ગંદકીનું 'ઝેર'

**નર્સરીની** આડમાં પણ ગોળનું કોલું ધમધમતું થઈ ગયું, પ્રદૂષણ સામે જીપીસીબી કે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કોઈ કાર્યવાહી નહીં, બળતણ તરીકે ટાયર અને પ્લાસ્ટિકનો ઉપયોગ



વ્યારાઃ ઉચ્છલના માણેકપુર ગામે ભોજનમાં રોજ શ્લોગન સાથે ગોળનાં કોલાં ધમધમી રહ્યાં છે, પણ આ કોલાંમાંથી માખીનો ઉપદ્રવ ફાટી નીકળતાં અહીંનો ગોળ રોગચાળો ફેલાવનારો બન્યો છે. ૨૪ કલાક ગોળ પર માખીઓનું ઝૂંડ જામેલું હોય છે. સ્થાનિક કક્ષાએ આવી ગંદકીના કારણે આ ગોળ વેચાતો નથી, પણ ઉચ્છલથી છેક રાજકોટ પધરાવાય છે. ગોળની ભઠ્ઠી પર કામ કરનારા મજૂરો ચમ્પલો પહેરીને કામ કરે છે. તેઓના પગની ગંદકી સીધી શેરડીનાં રસની ભઠ્ઠીમાં ભળે છે. માખીઓનો રાફડો અને મજૂરોના પગની ગંદકી ગોળનાં રસાયણમાં સીધી ભળતી હોય ત્યારે આવો ગોળ પૂજા કે ખાવાના કામે કેવી રીતે લઈ શકાય? ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની રહેમ નજર હેઠળ ગોળનાં કોલાં રોગચાળો ફેલાવે તેવી ગંદકી વચ્ચે ધમધમી રહ્યાં છે. ધુમાડાનું બેફામ પ્રદૂષણ છતાં જીપીસીબીનાં અધિકારીઓ પણ પગલાં ભરતાં ન હોય ત્યારે જન આરોગ્ય સામે લાલબત્તી સમાન ગોળનાં સેમ્પલો માખીઓ સાથેની વિડીયોગ્રાફી કરી નિરીક્ષણ માટે મોકલવા ખૂબ જ જરૂરી છે.

માણેકપુર ખાતાકીય નર્સરીનું ગોળના કોલા સામે બોર્ડ માર્યું છે, જેથી પ્રથમ નજરે એવું લાગે છે કે, વન વિભાગનો આ ગોળનો કોલો હશે. ગોળના કોલા સામે સામાજિક વનીકરણ વિભાગ, સુરત વન વિભાગનું પાટિયું મૂકી અહીં કોલું ચલાવનાર ઈસમ વર્ષોથી લોકોને છેતરતો આવ્યો છે.

ગોળનો કોલો ખાનગી વ્યક્તિનું છે. વનીકરણ વિભાગના તેની સાથે દૂર દૂરના સંબંધ નથી, પછી વનીકરણનું પાટિયું પોતાની નર્સરી સામે મૂકવાને બદલે ગોળનાં કોલા સામે કેમ? મહત્ત્વનો પ્રશ્ન એ છે કે, આ કોલામાંથી ૨૪ કલાક બેફામ કાળાડિબાંગ જેવો ધુમાડો નીકળે છે. આ ધુમાડો આરોગ્ય માટે તો હાનિકારક છે જ, પણ રોપાઓ માટે પણ એટલો જ ખતરો ઊભો કરે છે. જેથી મોટા ભાગના રોપાને નુકસાન થઈ રહ્યું છે. છતાં વનીકરણ વિભાગે આ ગોળના કોલા સામે પોતે તો પગલાં ભર્યા નથી ને, કલેક્ટર કે જવાબદાર અધિકારીને પણ પત્ર લખી આ દૂષણ બંધ કરાવવા હજુ સુધી કોઈ પગલાં ભર્યાં નથી. ધોરી માર્ગ પર ઉચ્છલમાં ત્રણેક ગોળનાં કોલાં બેફામ પ્રદૂષણ ઓકી રહ્યાં છે, ત્યારે ધોરી માર્ગ પર કાળા ડિબાંગ જેવા નીકળતો કોલાનો આ ધુમાડો મામલતદાર, ટીડીઓ, કલેક્ટર સહિતનાં અધિકારીઓને દેખાતો ન હોય તે વાત પણ અહીં ગળે ઉતરે તેમ નથી.

જિલ્લાના મુખ્ય મથક વ્યારા-વીરપુર ફાટક પાસે સ્ટેટ અને રાજ્ય ધોરી માર્ગ અડીને સોસાયટી પાસે જ ધમધમતા શેરડીનાં ત્રણેક કોલાંથી વ્યાપક પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. ગેરકાયદે શેરડીના આ કોલાથી વહીવટી તંત્રને પણ વાકેફ કરાયા, પણ તંત્રની કોઈ કાર્યવાહી અહીં થતી દેખાતી નથી. તલાટીઓ જીપીસીબીના અધિકારીઓને આ પ્રદૂષણથી વાકેફ કરવાને બદલે પોતાનો ઉલ્લુ સીધો કરી રહ્યા છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ તાપી જિલ્લામાં આવે તો છે, પણ પ્રદૂષણ ઓકનારા આવાં એકમો ચલાવતા તકસાધુઓની એસી ઓફિસમાં મિજબાની માણી નીકળી જતા હોય પ્રદૂષણ અટકવાનું નામ લેતું નથી. અહીં શેરડીમાંથી ગોળ બનાવવાની પ્રક્રિયા દરમિયાન બળતણ તરીકે ટાયર પ્લાસ્ટિકનો ઉપયોગ કરાતો હોવાથી હવામાનમાં પ્રદૂષણ ફેલાય છે, વાતાવરણ ધુમાડિયું રહે છે. જેથી માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો પણ તોબા પોકારી ઊઠ્યા છે. વાહનચાલકોની આંખો અંજાતાં આખો દિવસ અકસ્માત થવાનો ભય રહે છે, પરંતુ વહીવટી તંત્ર જવાબદારીમાંથી હાથ ખંખેરી રહ્યું છે.

### વ્યારા સુગરને શેરડીની આવકનો મોટો ફટકો

વ્યારાઃ કોલાવાળાઓ ખેડૂતોને શેરડીના ખૂબ ઓછા ભાવ આપે છે. જરૂરિયાતમંદ ખેડૂતો રોકડિયા વ્યવહારના કારણે ઓછા ભાવે શેરડી આપી દેતા હોય છે. આમ ખેડૂતોનું શોષણ થાય છે. તેના લીધે વ્યારા સુગર મિલને પણ નુકસાન થઈ રહ્યું છે. જિલ્લા કલેક્ટર ગોળના કોલા માલિકો સામે કડક પગલાં ભરતા ન હોય ત્યારે વ્યારા સુગરને શેરડીની આવકનો મોટો ફટકો પડી રહ્યો છે.

### GPCBના પ્રાદેશિક અધિકારીએ ફોન રિસીવ ન કર્યો

આ બાબતે જીપીસીબીના પ્રાદેશિક અધિકારી એચ.એમ.ગામીતને ફોન કર્યો હતો. પરંતુ તેમણે ફોન રિસીવ કર્યો ન હતો.

# પલસાણાના ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણ ઉપર અંકુશ લાદવા GPCBને ફરિયાદ

**બગુમરા** ગ્રામ પંચાયતે ગામમાં વધેલા પ્રદૂષણ અંગે ખેડબ્રહ્માના ધારાસભ્ય ડો.તુષાર ચૌધરીને પણ રજૂઆત કરી

**બગુમરા,** જોળવા, તાતીથૈયાની મિલો ખુલ્લામાં કાળો ધુમાડો છોડતી હોવાથી લોકોના આરોગ્ય માટે જોખમ

પલસાણાઃ પલસાણા તાલુકાની બગુમરા ગ્રામ પંચાયતે ગામમાં ફેલાઈ રહેલા પ્રદૂષણને અટકાવવા માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ફરિયાદ કરી છે. આ પહેલા ગ્રામજનોએ માજી કેન્દ્રીય મંત્રી અને ખેડબ્રહ્માના ધારાસભ્ય ડો.તુષાર ચૌધરીને પણ રજૂઆતો કરી હતી.

ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યા અનુસાર બગુમરા ગામમાં રહેણાંકનો મોટો વિસ્તાર આવેલો છે. બગુમરા, જોળવા, તાતીથૈયા વિસ્તારમાં મોટી સંખ્યામાં કાર્યરત જુદી જુદી મિલો, ડાઈંગ મિલો તથા અન્ય ઔદ્યોગિક એકમો દ્વારા વાતાવરણમાં ખુલ્લામાં કાળો ધુમાડો સતત છોડવામાં આવી રહ્યો છે. રાત્રિના સમયે આ ધુમાડો વધુ માત્રામાં છોડવામાં આવતો હોવાથી લોકોના સ્વાસ્થ્યને નુકસાન થઈ રહ્યું છે. વહેલી સારવારમાં રાત્રિના ધુમાડાના કારણે સવારમાં ધુમ્મસનું પ્રમાણ વધી જાય છે તથા લોકોને શ્વાસ લેવામાં પણ સમસ્યા વધી રહી હોવાની ગ્રામજનો ફરિયાદ કરી રહ્યા છે. આ ઉપરાંત લોકોને માટે હાનિકારક કચરો પણ ખુલ્લામાં ફેંકવામાં આવી રહ્યો છે.

ત્યારે આ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની માગ સાથે તેમજ પ્રદૂષણ અટકાવવા માટે ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વધી રહેલા પ્રદૂષણને કારણે વિસ્તારના લોકો ખૂબ જ પરેશાન છે. સ્થાનિક અધિકારીઓ અને નેતા આ મામલે કઈ સાંભળતા ન હોય અંતે ગ્રામજનોએ માજી કેન્દ્રિય મંત્રી અને ખેડબ્રહ્માના ધારાસભ્ય ડો.તુષાર ચૌધરીને પણ રજૂઆત કરી છે.

### આમલીપાડામાં બાઈકચાલકે અડફેટે લેતાં યુવાન ઘવાયો

વ્યારાઃ સોનગઢના આમલીપાડા ગામે નંદરી પુલ આગળ દુમદા તરફ આવતા રોડ ઉપર ગત તા.૨૪મીએ મો.સા.નં.(જીજે ૨૬ એએચ ૨૮૩૯)ના ચાલકે મો.સા. પૂરઝડપે હંકારી રોડ સાઈડે ઊભેલા સાવન વિશ્રામ ગામીત (ઉં.વ.૧૯)(રહે.,દુમદા નિશાળ ફળિયું, તા.સોનગઢ)ની બાઈક નં.(જીજે ૧૯ એન ૫૫૧૮)ને અડફેટે લેતાં આ સાવન રોડ ઉપર ફેંકાતાં ઘવાયો હતો.

### ભોજપુરનજીક ગામ પાસે કાર અડફેટે આવતાં પિતા-પુત્રી ઘવાયાં

વ્યારાઃ વ્યારાના ભોજપુરનજીક ગામની સીમમાંથી પસાર થતા રૂપવાડાથી કપુરા જતા રોડ ઉપર તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ સાંજે ૪:૧૫ વાગ્યાના અરસામાં ઈનોવા ગાડી નં.(જીજે ૦૫ જેએન ૪૨૭૧)ના ચાલકે પોતાની ઈનોવાને પૂરઝડપે હંકારી પેશન પ્રો મો.સા.નં.(જીજે ૨૬ બી ૯૧૨૪)ને સામેથી ટક્કર મારી નીચે પાડી દેતાં નંદુભાઈ કાંતિલાલ ગામીત (ઉં.વ.૪૫)(રહે., સરૈયા, નિશાળ ફળિયું, તા.વ્યારા)ના જમણા હાથની ટચલી આંગળીએ તથા શરીરે ઈજા થઈ હતી. જ્યારે તેની છોકરીને જમણા પગે ગંભીર ઈજા થતાં આ અંગેનો ઈનોવા ગાડીનો ચાલક નિતેશ શિવાજી ચૌધરી (રહે.,અંબાચ, તા.વાલોડ) વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત જિલ્લામાં ફરજ બજાવતા ચાર ASIને PSIનું પ્રમોશન મળતાં પાઈપિંગ સેરેમની યોજાઈ



વિશાલ પટેલ

કામરેજઃ સુરત જિલ્લામાં વિવિધ પોસ્ટ પર ફરજ બજાવતા ચાર એએસઆઈ મોડ-3ની પરીક્ષા આપ્યા બાદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકેની પસંદગી થતાં મંગળવારના રોજ સુરત જિલ્લા પોલીસ વડા હિતેશ જોઈસર, સુરત જિલ્લા એલસીબી પીઆઈ રાજેશ ભટોળ, ચારેય એએસઆઈ બીપીન જોટાણા, ભવરસિંહ ચૌહાણ, જયપાલસિંહ સોલંકી, ભાવેશ મકવાણાની સુરતમાં જિલ્લા પોલીસ વડાની કચેરીએ પાઈપિંગ સેરેમની યોજવામાં આવી હતી.

### સુરત SOGએ અપહરણ કરનાર આરોપીને ઝડપી પાડ્યો

પલસાણા, સાયણઃ ઓલપાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી 2022માં અપહરણ થયેલી સગીરાને મુક્ત કરાવી સુરત જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે અપહરણ કરનાર રામસમજુ કારુસ (ઉં.વ.22) (રહે., ભવાની રેસિડેન્સી, સાયણ, મૂળ રહે., આજમગઢ, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી તેનો કબજો ઓલપાડ પોલીસને સોંપ્યો હતો.

### વાંકલમાં સરસ્વતી સાધના કન્યા અંતર્ગત સાઇકલ વિતરણ



વિનોદ મેસુરીયા

વાંકલઃ વાંકલ ખાતે સરસ્વતી સાધના કન્યા અંતર્ગત શ્રી એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઇસ્કૂલની કુલ 269 ST દીકરીને સાઇકલ વિતરણ કરવામાં આવી હતી. ગં.સ્વ. એમ.એમ.દેસાઈ અને સ્વ.કે.એમ.દેસાઈ સાર્વજનિક હાઇસ્કૂલ, વાંકલની કુલ 97 ST દીકરીને સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### મોતામાં વીજ કંપનીનું ખુલ્લું ટ્રાન્સફોર્મર લોકો માટે જોખમી



બારડોલીઃ મોતા ગામના સરદાર ચોક ફળિયામાં આવેલ દક્ષિણ ગુજરાત વીજ કંપનીનું ટ્રાન્સફર્મરની ફરતે બનાવેલી ફેન્સિંગ કાટ ખાઈ ગઈ છે અને મોટો ભાગ તૂટી ગયો હોવાથી ટ્રાન્સફોર્મર ખુલ્લું થઈ ગયું છે. જે અહીંથી અવરજવર કરતાં લોકો માટે જોખમી બની ગયું છે. સ્થાનિકોનું કહેવું છે કે, તેમણે વીજ કંપનીની કચેરી ખાતે અનેક રજૂઆતો કરી છે. પરંતુ તેમનું કોઈ સાંભળતું નથી. આ ખુલ્લું ટ્રાન્સફોર્મર પશુઓ માટે પણ જોખમી સાબિત થઈ શકે છે. ત્યારે DGVCL દ્વારા વહેલી તકે ફેન્સિંગ કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

### વાંકલ હાઇસ્કૂલના એનએસએસના વિદ્યાર્થીઓએ સરકારી કચેરીની મુલાકાત લીધી



વિનોદ મેસુરીયા

વાંકલઃ વાંકલની શ્રી એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઇસ્કૂલમાં ધો.12ના રાષ્ટ્રીય યોજનાના વિદ્યાર્થીઓએ સરકારી સંસ્થાઓની મુલાકાત કરી હતી. રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોની મુલાકાત કરી હતી. તેમાં વાંકલ પંચાયત ભવન, બેંક ઓફ બરોડા, પોસ્ટ ઓફિસની મુલાકાત લઈ વિવિધ યોજનાઓની માહિતી મેળવી હતી.

### તાપી જિલ્લાના આંગણે ૭૬મા પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ભવ્ય ઉજવણી કરાશે

વ્યારાઃ તાપી જિલ્લાના આંગણે ૭૬મા પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ઉજવણી ૨૬ જાન્યુઆરી-૨૦૨૫ના રોજ કરવામાં આવશે. આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા રાજ્યસ્તરીય ઉજવણી કરવાની તક તાપી જિલ્લાને આપવામાં આવતાં ગણતંત્ર દિનની ઉજવણી વાલોડના બાજીપુરા ખાતે કરવામાં આવશે. ૭૬મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ તા.૨૫ જાન્યુઆરીના રોજ મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી વ્યારાના સયાજી ગ્રાઉન્ડ ખાતે એટ હોમ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે હાજરી આપશે તેમજ દક્ષિણાપથ વિદ્યાલયના પ્રાંગણમાં જિલ્લાના તમામ નાગરિકો માટે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. તા.૨૬મી જાન્યુઆરીના દિવસે આચાર્ય દેવવ્રતજી બાજીપુરા ખાતે યોજાનારા મુખ્ય કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજ લહેરાવશે. આ તબક્કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ બાજીપુરા ખાતે રાજ્યસ્તરીય કાર્યક્રમમાં હાજરી આપશે.

# કોલીવાડા પ્રાથમિક શાળામાં શિક્ષક નશાની હાલતમાં આવતાં ગ્રામજનોએ શિક્ષણ કાર્ય બંધ કરાવ્યું!

**વિદ્યાર્થીઓ** સાથે ગેરવર્તન કરાતું હોવાનો પણ આક્ષેપ



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગ તાલુકાના કોલીવાડા પ્રાથમિક શાળાનો શિક્ષક નશાની હાલતમાં શાળાએ આવતા હોવાના ગ્રામજનોના આક્ષેપ સાથે શિક્ષણ કાર્ય બંધ કરાવતાં તંત્રના જવાબદાર અધિકારીઓએ દોડી જઈ કાર્યવાહીની ખાતરી આપી મામલો થાળે પાડી શિક્ષણ કાર્ય શરૂ કરાવ્યું હતું.

નેત્રંગ-રાજપારડી રોડ ઉપર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા કોલીવાડા ગામે પ્રાથમિક શાળામાં એકથી પાંચ ધોરણમાં ફક્ત એક જ શિક્ષક છે. તે પણ પોતાની ફરજ દરમિયાન નશાની હાલતમાં આવતા હોવાના ગ્રામજનોએ આક્ષેપ કર્યા હતા અને વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તન કરતા હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા હતા. ગ્રામજનો દ્વારા આવા શિક્ષકને બરતરફ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ત્યાર બાદ ઝઘડિયા તાલુકા પંચાયત સભ્ય દિલીપ વસાવાએ કોલીવાડા ખાતે પહોંચી શાળાને તાળાબંધી કરવાની વાત ઉચ્ચારી હતી અને અધિકારીઓ સાથે ટેલીફોનીક વાત કરી ફરિયાદ કરતાં નેત્રંગ તાલુકાના શિક્ષણ અધિકારી તેમજ BRC કો-ઓર્ડિનેટરે શાળા ખાતે દોડી આવી તેઓએ પુનઃ શિક્ષણ કાર્ય શરૂ કરાવ્યું હતું અને જણાવ્યું હતું કે, આવા શિક્ષક પર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં આ શાળા જર્જરિત હાલતમાં પણ જોવા મળી હતી.

### કામરેજ ગામ પાસે કારમાં આગ લાગી



કામરેજઃ કામરેજ ગામ પાસે કામરેજ રસ્તા જતાં રોડની બાજુમાં આવેલા સિગ્નેટની પાછળના ભાગે બુધવારે સવારે હુન્ડાઈ વેન્યુ કાર સીએનજી કારમાં બોનેટના ભાગે અચાનક શોર્ટ સર્કિટ થતાં કારમાં આગ લાગતાં કારમાં સવાર અશ્વિનભાઈ લાડુમોર (રહે., કીર્તિધામ સોસાયટી, પુણાગામ)એ જોતા તુરંત જ કારમાં ઊતરી ગયા હતા. ફાયર વિભાગને જાણ કરતાં કામરેજની ઈઆરસીની ટીમ ઘટના સ્થળે દોડી આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, કારનો એન્જિનનો ભાગ બળી ગયો હતો. (તસવીર : વિશાલ પટેલ)

# 'ગામની મહિલા સાથે કોઈ વાતચીત કરવાની નથી' કહી નવાગામમાં યુવાન પર હુમલો

**બે** ઇસમે સળિયાથી માર મારતાં યુવાન લોહીલુહાણ થઈ ગયો

કામરેજઃ નવાગામમાં વચલા ફળિયામાં રહેતા બે ઈસમે એકને ગાળો બોલી લોખંડનો સળિયો માર મારી લોહીલુહાણ કરી દીધો હતો.

કામરેજના નવાગામમાં વચલા ફળિયામાં જયેશ નાનુભાઈ પટેલ (ઉં.વ.35) રહે છે. વર્ષના છેલ્લા દિવસે સાંજના 6 કલાકે ઘરની બહાર બેઠા હતા. ત્યારે ફળિયામાં જ રહેતો રાકેશ ચીમનભાઈ પટેલ સામેથી જતાં ગાળો બોલવા લાગતાં બંને વચ્ચે ગાળાગાળી થઈ હતી.

બાદ સાંજે 7.30 કલાકે રાકેશ તેમજ ફળિયામાં જ રહેતો રોહિત રાજુ પટેલ ભેગા થઈ જયેશના ઘરે આવ્યા હતા અને જણાવ્યું કે ગામમાં રહેતી મહિલા જોડે તારે કોઈ વાતચીત કરવાની નથી.

તેમ કહેતાં છેલ્લા ચાર મહિનાથી નવસારી વ્યસનમુક્તિ કેન્દ્રમાં ગયો હતો અને વ્યસનમુક્તિ કેન્દ્રમાં ગયા પહેલા ગામમાં રહેતી મહિલા સાથે કોઈ બોલાચાલ કે કોઈ સંબંધ નથી તેવી વાત કરતાં રાકેશ અને રોહિતે એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી હતી. રાકેશે અને રોહિતે લોખંડનો સળિયો જયેશને મારી દીધો હતો. બાદ જયેશના કાકા આવી જતાં રાકેશ અને રોહિત જતા રહ્યા હતા.

જયેશને ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતાં માથાના ભાગે ટાંકા આવ્યા તેમજ નાકના ભાગે ફેક્ચર થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે અંગે કામરેજ પોલીસમથકમાં રાકેશ અને રોહિત સામે ફરિયાદ નોંધાવી હતી.

### વરેલીમાં ગેરકાયદે ક્લિનિક ખોલી પ્રેક્ટિસ કરતો ઝોલાછાપ તબીબ ઝડપાયો

**બીપી** મીટર, સ્ટેથોસ્કોપ, થર્મોમીટર, એલોપેથી દવા સહિત બધું હતું, માત્ર મેડિકલ પ્રેક્ટિસનું લાઇસન્સ કે ડિગ્રી જ ન હતાં

પલસાણાઃ કડોદરા GIDC પોલીસે વરેલીમાં એક બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો છે. આરોપી ગેરકાયદે રીતે મેડિકલ પ્રેક્ટિસ કરતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેની પાસેથી 13,285 રૂપિયાનો મેડિકલ સાધન સામગ્રીનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વરેલીની પટેલનગર સોસાયટીમાં શ્યામ પેલેસ બિલ્ડિંગમાં દુકાન નંબર ૧૫માં 'સાંઈ ક્લિનિક'ના નામે એક વ્યક્તિ ગેરકાયદે રીતે દવાખાનું ચલાવે છે. બાતમીના આધારે પોલીસે સોમવારના રોજ બપોરે દરોડો પાડ્યો હતો. દુકાનમાં તપાસ કરતાં બીપી મીટર, સ્ટેથોસ્કોપ, થર્મોમીટર અને વિવિધ એલોપેથી દવાઓ મળી આવી હતી. પોલીસે હાજર વ્યક્તિ બબલુ બિષ્ણુ શરદ (ઉં.વ. 27) પાસે મેડિકલ પ્રેક્ટિસ કરવાના લાયસન્સ અને અન્ય દસ્તાવેજો માંગ્યા હતા, જે તેની પાસે ન હતા. આરોપી બબલુ શરદ મૂળ પશ્ચિમ બંગાળના નદીયા જિલ્લાનો રહેવાસી છે અને હાલમાં વરેલીમાં રહે છે. પોલીસે તેની ધરપકડ કરી છે અને તેની પાસેથી 13,285 રૂપિયાની મતાની મેડિકલ સાધન સામગ્રી જપ્ત કરી છે. કડોદરા GIDC પોલીસે બી.એન.એસ. કલમ-૧૨૫ તથા ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટ-૧૯૬૩ ની કલમ-૩૦,૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં ચોરીના 9 મોબાઈલ શોધી પોલીસે માલિકોને પરત કર્યા

અંકલેશ્વરઃ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે સીઈઆઈઆર પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલા 9 મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. પોલીસે કેન્દ્ર સરકારના સી.ઈ.આઈ.આર. પોર્ટલના માધ્યમથી ગુમ થઈ ગયેલા મોબાઈલ ફોન એક્ટિવ થતાં તેને ટ્રેસ કરી રૂ.1.86 લાખની કિંમતના 9 મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત કર્યા હતા.

અત્યાર સુધી બી ડિવિઝન પોલીસે રૂ.6.11 લાખની કિંમતના 29 મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા હતા.

**ગુજરાત રાજ્ય નર્મદા જળસંપતી પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઇ-ટેન્ડર જાહેર નિવિદા નં.૨૨ સને ૨૦૨૪-૨૫ (બીજો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત નહેર વિભાગ, સિંચાઇ ભવન બીજો માળ, લુડ્ઝ કોન્વેટ સ્કુલ બસ સ્ટોપ પાસે અઠવાલાઇન્સ, સુરત-૩૯૫૦૦૭, ફોન નં. ૦૨૬૧-૨૬૬૮૭૧૬, સુરતની કચેરીએથી કુલ ૧ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧૯૬.૩૮ લાખ સુધીના કામ માટે એસબીડી નમુનામાં "બી" વર્ગ અને તેની ઉપરની શ્રેણીમાં ન.જ.પા.પુ. અને કલ્પસર વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ ગુજરાત સરકારમાં નોંધાયેલા ઇજારદારો પાસેથી ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ડાઉનલોડ અને અપલોડ સમયઃ- તા. ૦૩-૦૧-૨૦૨૫ થી તા. ૧૭-૦૧-૨૦૨૫ ૧૮.૦૦ કલાક સુધી અસલ દસ્તાવેજો ટપાલથી મોકલવાની અંતિમ તા.:- ૨૪-૦૧-૨૦૨૫ ના ૧૮.૦૦ કલાક સુધી (By R.P.A.D./Speed post/Courier Only)

ઓનલાઇન આવેલા ટેન્ડરો ખોલવાની તારીખ અને સમય, તા.-૧૮/૦૧/૨૦૨૫, ૧૨.૦૦ કલાકે,

વધુ વિગત માટે સંપર્કનું સરનામું :- કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત નહેર વિભાગ, સુરત. ટેન્ડર ડોક્યુમેન્ટ્સ વેબસાઇટ https://tender.nprocue.com પર જોવા મળશે અને ભાવો મળશે અને ભાવો ભરી શકાશે તથા કામની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ પર જોવા મળશે. વધુ વિગત માટે કામકાજનાં દિવસો દરમ્યાન કચેરીનો સંપર્ક સાધવા વિનતી છે.

ક્રમાંક : માહિતી-સૂરત/૧૧૧૭/૨૦૨૪

**ભરૂચ નગરપાલિકા - ભરૂચ જી. ભરૂચ**
**ઓનલાઇન જાહેર નિવિદા**

આથી ભરૂચ નગરપાલિકા,ભરૂચ, જિ.ભરૂચને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજિત રકમ રૂ. (લાખ) |
|---|---|---|
| ૧ | સને વર્ષ ૨૦૧૮-૨૦૧૯ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી સડક યોજના (યુડીપી-૭૮) હેઠળ ભરૂચ શહેરમાં ભક્તેશ્વર મંદિર થી દત્ત મંદિર સુધી પ્રીકાસ્ટ ડ્રેઇન અને આર.સી.સી. રોડ કરવાની કામગીરી. | ૧૦૭.૯૧ |
| ૨ | સને વર્ષ ૨૦૧૮-૨૦૧૯ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી સડક યોજના (યુડીપી-૭૮) હેઠળ ભરૂચ શહેરમાં પાંચબત્તી થી રેલ્વે સબવે સુધી ડ્રેઇન અને પેવર બ્લોક કરવાની કામગીરી. | ૨૦૨.૬૨ |
| ૩ | સને વર્ષ ૨૦૨૩-૨૪ ની વ્યવસાય વેરા ગ્રાંટ હેઠળ ભરૂચ શહેરના વોર્ડ નં.૧૦માં નન્નુંમિયાં નાળાથી લાલવાડી સુધી આર.સી.સી ટ્રી-મિક્ષ રસ્તો બનાવવાનું કામ | ૩૪.૫૧ |
| ૪ | સને વર્ષ ૨૦૨૩-૨૪ ની એમ.પી ગ્રાંટ હેઠળ નગરના તાળીયા વિસ્તારમાં સ્મશાન બનાવવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૮.૪૨ |
| ૫ | સને વર્ષ ૨૦૨૩-૨૪ ની એમ.પી ગ્રાંટ હેઠળ નગરના શંકરાચાર્ય મઠ જુની કોર્ટ પાસે નિવાસ હોલ બનાવવાની કામગીરી (બીજો પ્રયત્ન). | ૯.૧૫ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | ૨૪/૦૧/૨૦૨૫ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ,સમય તથા સરનામું | | ૩૧/૦૧/૨૦૨૫ ના ૧૮.૦૦ કલાકે સુધીમાં ચીફ ઓફિસર, ભરૂચ નગરપાલિકા, મુ. ભરૂચ, જિ. ભરૂચ |
| ટેકનીકલ બિડ ખોલવાની તારીખઃ | | ૦૩/૦૨/૨૦૨૫, ૧૧.૦૦ કલાકે |
| પ્રાઇસ બિડ ખોલવાની તારીખઃ | | ૦૩/૦૨/૨૦૨૫, ૧૧.૩૦ કલાકે |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.statetenders.gujarat.gov.in https://tender.nprocure.com વેબસાઇટ ઉપર તા. ૦૬/૦૧/૨૦૨૫ ના રોજથી જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

(હરીશભાઈ અગ્રવાલ) ચીફ ઓફિસર ભરૂચ નગરપાલિકા
(હેમેન્દ્રભાઈ પ્રજાપતિ) ચેરમેન કારોબારી સમિતિ ભરૂચ નગરપાલિકા
(વિભુતીબા યાદવ) પ્રમુખ ભરૂચ નગરપાલિકા
(અક્ષયભાઈ પટેલ) ઉપપ્રમુખ ભરૂચ નગરપાલિકા
(ભાવીનભાઈ પટેલ) બાંધકામ ચેરમેન ભરૂચ નગરપાલિકા

માહિતી/ભરૂચ/૫૦૦/૨૦૨૫